જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૨૧ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૩૨/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૭૭ | ૦ | ૧૧૬૭૭ | ૧૭૭૮૮ | ૦ | ૧૭૭૮૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૧૧ | ૦ | ૧૧૧ | ૩૮૪ | ૦ | ૩૮૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૧૪૮૮ | ૪૯ | ૭૧૫૩૭ | ૭૨૪૯૦ | ૫૨ | ૭૨૫૪૨ |
| કુલ | | ૮૮૦૦૯ | ૪૯ | ૮૮૦૫૮ | ૯૬૯૪૪ | ૫૨ | ૯૬૯૯૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૦ | ૪,૭૦,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૫૮ | ૭,૫૮,૦૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૪૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૫/૨૦૨૧**

**શાહીબાગઃ** શુભ પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૨૫) (રહે. ક્રિષ્ણા એપાર્ટમેન્ટ નારણપુરા ટેલીફોન એકસચેન્જની બાજુમાં નારણપુરા) એ તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન શાહીબાગ અસારવા સિવિલ હોસ્પીટલ કેમ્પસ ખાતેથી આરોપી (૧) રસિકભાઈ ઉજમશીભાઈ સોની અને (૨) જીગરભાઈ રસિકભાઈ સોની (બંન્ને રહે.કૈલાસધામ સોસાયટી આયુષ હોસ્પીટલની બાજુમાં વસ્ત્રાલ રામોલ) એ ભેગા મળી શુભ પટેલના પિતા પાસેથી સોનાના દાગીના બનાવવા ૧૦૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૪,૮૦,૦૦૦/- લઈ જઈ દાગીના નહી બનાવી આપી તેમજ સોનુ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૬/૨૦૨૧**

**શાહીબાગઃ** કિરણભાઇ કાંતીભાઇ ઠાકોર (રહે. ભાઇચંદપુરા પોપટલાલની ચાલી ગિરધરનગર શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૨૨/૦૯/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીનુ લોકર તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૩,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાડેજા ચલાવે છે.

**રામોલઃ** શૈલેષભાઇ હિરાભાઇ પટેલ (રહે. ગોલ્ડ કોસ્ટ રેસીડેન્સી પાંજરાપોળ ચોકડી વસ્ત્રાલ) એ તા.૨૨/૦૯/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૮/૦૯/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વન્ડર પોઇન્ટ ખાતે આવેલ કિષ્ના કોમ્પલેક્ષમાં દુકાન નંબર-૧૦ જયવીર પાન પાર્લર નામની દુકાનના શટરના લોક તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ ચીજવસ્તુઓ કિમત રૂપિયા ૧,૦૧,૭૫૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૭/૨૦૨૧**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કિર્તીકુમાર તેજપાલ દોષી (ઉ.વ.૬૮) (રહે. લાવણ્ય સોસાયટી જીવરાજ મહેતા હોસ્પીટલ પાછળ વાસણા) તા.૨૨/૦૯/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે વા.સા.હોસ્પીટલથી પાલડી તરફ જતા કાપડીયા ગેસ્ટ હાઉસ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે ૧૮ ઝેડ ૭૩૬૫ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા કિર્તીકુમાર દોષીને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કિર્તીકુમાર દોષીની પુત્રી જીગ્નાબહેન કિર્તીકુમાર દોષીએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૮/૨૦૨૧**

**મણિનગરઃ** મુકેશભાઈ છગનભાઈ પરમાર (ઉ.વ.૫૭) (રહે.શુકુન એપાર્ટમેન્ટ રમણનગર સોસાયટી સ્વામિનારાયણ વાડી સામે મણિનગર) તા.૨૧/૦૯/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી તા.૨૨/૦૯/૨૦૨૧ કલાક ૩/૧૦ વાગ્યા દરમ્યાન મણિનગર ખોડીયાર માતાના મંદિર પાસે રેલ્વે ક્રોસિંગ ટ્રેઇનના થાંભલા નં.૪૯૧/૧૮ નજીક ટ્રેઈન સાથે અથડાતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મણિનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૩૯/૨૦૨૧**

**સરદારનગરઃ** હરીભાઇ સવજીભાઇ ડાભી (ઉ.વ.૩૫) (રહે. વાલ્મીકી આવાસ યોજના સુભાષનગર નોબલનગર) તા.૨૧/૦૯/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપર કબુતર પકડવા જતા ધાબા ઉપરથી પસાર થતો વિજ વાયર અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિંજેશભાઇ નૈલેષભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૦/૨૦૨૧**

**નરોડાઃ** મુકેશભાઇ અમરસિંહભાઇ બજાણીયા (ઉ.વ.૪૭) (રહે.પરમપીનાક એપાર્ટમેન્ટ શાલીન સ્કુલની બાજુમાં નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પાયલનગર વિનાયક ફ્લેટ અને શાલીન સ્કુલની બાજુમાં ચામુંડા હેર આર્ટની દુકાન નંબર-૨ ખાતે પંખાના હુકમાં પાટી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રતિકકુમાર ભાનુપ્રસાદ ચલાવે છે.

**નિકોલઃ** જાગીતાદેવી અનિલસિંગ રાજપુત (ઉ.વ.૫૦) (રહે. દેવનંદનપાર્ક અંકુર સોસાયટી પાછળ ભક્તિ સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.